# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૭૧ તા.૮-૯-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :-** **વર્ષ-૨૦૧૬-૧૭ના પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે સી.આર.સી. કક્ષાના રમતોત્સવ(ખેલ મહાકુંભ) બાબતે.**

**સંદર્ભ :-** **૧. જી.સી.ઈ.આર.ટી./સીઈ/રમતોત્સવ/૨૦૧૬/૧૯૫૧૪-૪૬ તા.૩-૯-૧૬**

**૨ ડાયેટ / રમતોત્સવ/૨૦૧૬/૮૧૧૫૧-૫૧૫૨ તા.૩-૯-૧૬**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસનાં ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા વિવિધ સ્તરના રમતોત્સવોનું આયોજન કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૬-૧૭ થી રમતોત્સવ ખેલમહાકુંભ સાથે જોડાવાનું નક્કી કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૬-૧૭ના પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે સી.આર.સી.કક્ષાના રમતોત્સવ 'ડાયટ' દ્વારા યોજવાના થાય છે. બ્લોક કક્ષાએથી જિલ્લા અને રાજ્યકક્ષા સુધીના રમતોત્સવમાં ખેલમહાકુંભ અંતર્ગત ભાગ લેવાનો રહેશે. રમતોત્સવ દરમ્યાન એક સૂત્રતા રહે અને વિદ્યાર્થીઓ વચ્ચે તંદુરસ્ત સ્પર્ધા યોજાય તે હેતુથી કેટલાંક નિયમો અને રમતોની સૂચિ આપવામાં આવેલ છે. આ રમતો માટેનાં નિયમોનું દરેક ખેલાડી અને શાળાએ પાલન કરવાનું રહેશે.

૧. રમતોત્સવમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો ભાગ લઈ શકશે.

૨. રમતોત્સવમાં ભાગ લેનાર વિદ્યાર્થીની ઉંમર ૩૧-૧૨-૧૬ સુધીમાં ૧૪ વર્ષથી વધુ હોવી જોઈએ નહીં.

૩. શાળા કક્ષાએ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓનું ઓનલાઈન રજીસ્ટ્રેશન જે તે શાળામાંથી તા.૧૫-૦૯-૨૦૧૬ સુધી www.khelmahakumbh.org વેબ સાઈટ પરથી ફરજિયાત કરવાનું રહેશે. રજીસ્ટ્રેશન કરાવ્યા અંગેની રિસિપ્ટ રમતોત્સવના સ્થળે રજૂ કરવાની રહેશે.

૪. સ્પર્ધામાં ભાગ લેનાર માટેની વયજૂથ પ્રમાણેની રમતો, વજન ગ્રુપ તેમજ ઈવેન્ટની માહિતી ઓનલાઈન રજીસ્ટ્રશન ફોર્મમાં દર્શાવેલ હોય તે મુજબ ખેલાડીએ ભાગ લેવાનો રહેશે. એટલે કે જે રમતમાં ભાગ લેવાનો હોય તે રમતમાં એન્ટ્રી ફરજિયાત કરવાની રહેશે.

૫. નિયત નમુનાનું ઓળખકાર્ડ ફરજિયાત લાવવાનું રહેશે.

૬. સી.આર.સી. કક્ષાના રમતોત્સવ પૂર્વ શાળા કક્ષાએ રમતોત્સવ ફરજિયાત યોજવાનો રહેશે. શાળા કક્ષાએ યોજાયેલ રમતોત્સવના પ્રથમ વિજેતા ખેલાડીને સી.આર.સી.કક્ષાના રમતોત્સવમાં ભાગ લેવાનો રહેશે.

૭. શાળા કક્ષાનો રમતોત્સવ તા.૧૨-૯-૨૦૧૬ ને શાળા સમય દરમ્યાન યોજવાનો રહેશે.અને વિજેતાની યાદી નિયત ફોર્મેટમાં સી.આર.સી. કો-ઓર્ડીનેટર ને મોકલી આપવાની રહેશે. જેમાં ખેલમહાકુંભની વેબસાઈટ ઉપર ઓનલાઈન રજીસ્ટ્રેશન નંબર અને રમતની વિગતો ફરજીયાત આપવાની રહેશે.

૮. સી.આર.સી. કક્ષાનો રમતોત્સવ તા.૧૬ સપ્ટેમ્બર,૨૦૧૬ દરમિયાન સી.આર.સી કક્ષાએ નક્કી કરેલા સ્થળે સવારે ૮ થી ૧૨ કલાક યોજવામાં આવશે.

૯. શિક્ષકો માટે સદર રમતોત્સવ સી.આર.સી. કક્ષા સુધી જ મર્યાદિત રહેશે. વિજેતા શિક્ષકોએ ખેલમહાકુંભમાં તાલુકા કક્ષાએઆગળ ભાગ લેવાનો થશે નહિ. શિક્ષક ભાઈઓ અને બહેનો ખેલમહાકુંભ અંતર્ગત ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી સીધો તાલુકા કક્ષાએ ભાગ લઇ શકશે અને આ માટે ખેલમહાકુંભનાં પરિપત્રને અનુસરવાનું રહેશે.

૧૦. સી.આર.સી. કક્ષાનાં રમતોત્સવ પૂર્ણ થયેલી વ્યકિતગત રમતમાં રમતદીઠ૧ થી ૮ નંબરના વિજેતા ખેલાડીઓએ અને સાંઘિક રમતોમાં રમતોત્સવના સી.આર.સી. સ્તરે પ્રથમ વિજેતા ટીમ અને એક પસંદગીની ટીમે ખેલમહાકુંભ અંતર્ગત યોજાનાર તાલુકા કક્ષાના રમતોત્સવ કક્ષાએ ભાગ લેવાનો રહેશે. તાલુકા કક્ષાએ ભાગ લેવા વિજેતા ખેલાડીઓની વિનીંગ મોડયુલમાં ઓનલાઈન એન્ટ્રી સી.આર.સી કો-ઓર્ડીનેટર દ્વારા કરાવવાની રહેશે.

૧૧. સ્પર્ધામાં એક ખેલાડી ત્રણ રમતમાં ભાગ લઇ શકશે. વ્યકિતગત રમતમાં ભાગ લેનાર સાંઘિક રમતમાં અને સાંઘિક રમતમાં ભાગ લેનાર વ્યકિતગત રમતમાં ભાગ લઇ શકશે નહિ જેની ખાસ નોંધ લેવી.

૧૨. સી.આર.સી. કક્ષા સિવાયની અન્ય રમતો માટે ખેલમહાકુંભના આયોજન મુજબ સીધો તાલુકા કક્ષાએ ભાગ લેવાનો રહેશે. જે ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.

૧૩. રમતોત્સવ દરમિયાન કોઈપણ વિવાદ/તકરાર માટે રચાયેલી કોર લવાદ કમિટીનો નિર્ણય આખરી ગણાશે.જે માટે રૂ.૨૦૦-૦૦ની ફી ભરી લેખિતમાં ફરિયાદ આપવાની રહેશે. જેમા રહેલ ફી ની રકમનો ઉપયોગ વિદ્યાર્થી હિત માટે કરવાનો રહેશે.

૧૪. યોગમાં ભાગ લેનાર ખેલાડીએ રમતોમાં દર્શાવેલ બધા જ આસનો કરવાનાં રહેશે.

૧૫. સી.આર.સી. કક્ષાનાં સમગ્ર રમતોત્સવનું સંકલન,અયોજન અને અમલીકરણ સી.આર.સી. કો-ઓર્ડિનેટરએ કરવાનું રહેશે.

૧૬. સી.આર.સી. કક્ષાએ યોજાયેલ ભાગ લેનાર વિદ્યાર્થીઓ અને શિક્ષકોની આંકડાકીય વિગતો યુ.આર.સી કો-ઓર્ડિનેટરને તા.૧૭-૯-૧૬ ના રોજ આપવાની રહેશે.

૧૭. સી.આર.સી. કક્ષાએ વિજેતા ખેલાડીઓ અને ટીમે સી.આર.સી. દ્વારા મળેલ સૂચના મુજબ ઝોન કક્ષાએ ભાગ લેવા મોકલી આપવાનાં રહેશે.

**પ્રાથમિક શાળાના વિદ્યાર્થી માટે રમતોની યાદી**

| ક્રમ | કુમાર | સંખ્યા | ક્રમ | કન્યા | સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | કબડ્ડી સાંઘીક | ૭+૫=૧૨ | ૧ | કબડ્ડી સાંઘીક | ૭+૫=૧૨ |
| ૨ | ખો ખો સાંઘીક | ૯+૩=૧૨ | ૨ | ખો ખો સાંઘીક | ૯+૩=૧૨ |
| ૩ | લાંબી કુદ | ૦૧ | ૩ | લાંબી કુદ | ૦૧ |
| ૪ | ગોળા ફેંક(૮ રતલી) | ૦૧ | ૪ | ગોળા ફેંક(૮ રતલી) | ૦૧ |
| ૫ | ૧૦૦ મીટર દોડ | ૦૧ | ૫ | ૧૦૦ મીટર દોડ | ૦૧ |
| ૬ | યોગ જેમાં<br>હસ્ત પદાસન,ચક્રાસન<br>ધનુરાસન, સર્વાંગાસન | ૦૧ | ૬ | યોગ જેમાં<br>હસ્ત પદાસન,ચક્રાસન<br>ધનુરાસન, સર્વાંગાસન | ૦૧ |
| | | ૨૮ | | | ૨૮ |

**પ્રાથમિક શિક્ષકો માટે રમતોની યાદી**

| ક્રમ | ભાઈઓ | સંખ્યા | ક્રમ | બહેનો | સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ગોળા ફેંક(૧૨ રતલી) | ૦૧ | ૧ | ગોળા ફેંક(૮ રતલી) | ૦૧ |
| ૨ | ૧૦૦ મીટર દોડ | ૦૧ | ૨ | ૧૦૦ મીટર દોડ | ૦૧ |
| ૩ | લાંબી કુદ | ૦૧ | ૩ | ચક્રફેક | ૦૧ |
| ૪ | યોગ જેમાં<br>હસ્ત પદાસન,ચક્રાસન<br>મયુરાસન | ૦૧ | ૪ | યોગ જેમાં<br>હસ્ત પદાસન,ચક્રાસન<br>ધનુરાસન | ૦૧ |
| | | ૦૪ | | | ૦૪ |

તા.૮-૯-૧૬

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

નોંધ :- પરિપત્ર નં.૬૯/તા.૬-૯-૧૬ રોજ ગણિત વિજ્ઞાન પ્રદર્શન તા.૧૭-૯-૧૬ના રોજ સી.આર.સી.કક્ષાએ યોજવામાં આવનાર હતો જેને બદલે હવે તા.૧૯-૯-૧૬ના રોજ પરિપત્ર મુજબ યોજવાનું રહેશે.